॥ श्री महावीराय नमः॥

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail.com

**૧૭ જુલાઈ ૨૦૨૨ – મહિલા મંડળ** **શ્રેણી – ૧ જવાબ પેપર** **કુલ ગુણ : ૧૦૦**

(૫૦)

**પ્ર.૧ (અ) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૨૪)**

૧. પયાહિણં વંદામિ **નમંસામિ સક્કારેમિ સમ્માણેમિ કલ્લાણં મંગલં** દેવયં

૨. ન ફાસિયં **ન પાલિયં ન તીરિયં ન કિત્તિયં ન સોહિયં ન આરાહિયં આણાએ અણુપાલિયં** ન ભવઈ

૩. અભગ્ગો **અવિરાહિઓ હુજ્જ મે કાઉસ્સગ્ગો જાવ અરિહંતાણં ભગવંતાણં** નમોક્કારેણં

૪. તિત્થયરાણં **સયંસંબુદ્ધાણં પુરિસુત્તમાણં પુરિસસિંહાણં પુરિવર પુંડરિયાણં પુરિસવર** ગંધ હત્થીણં

૫. જિણે **અરિહંતે કિત્તઈસ્સં ચઉવીસં પિ કેવલી ઉસભ મજિયં ચ** વંદે

૬. ઓસા **ઉત્તિંગ પણગ દગ મટ્ટી મક્કડા સંતાણા સંકમણે** જે મે જીવા

૭. તિન્નાણં **તારયાણં બુદ્ધાણં બોહયાણં મુત્તાણં મોયગાણં સવ્વન્નૂણં** સવ્વ દરિસીણં

૮. સામાઈયં **સાવજ્જં જોગં પચ્ચક્ખામિ જાવ નિયમં પજ્જુવાસામિ** દુવિહં

**(બ) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો.** **(૮)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. ચેઈયં | **આપ જ્ઞાનવંત છો** | ૨. આગારેહિં | **આગારોથી, છૂટોથી** |
| ૩. નમો ઉવજ્ઝાયાણં | **ઉપાધ્યાય ભગવંતોને નમસ્કાર હો** | ૪. સંકામિયા | **સંક્રમણ કર્યું હોય, રાખ્યા હોય** |
| ૫. નિગ્ઘાયણટ્ઠાએ | **મૂળથી નાશ કરવા માટે** | ૬. વંદામિ | **સ્તુતિ અથવા વંદન કરું છું** |
| ૭. બીયક્કમણે | **બીજ કચર્યા હોય** | ૮. અપ્પાણં | **આત્માને** |

**(ક) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો.** **(૮)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. રહિત કર્યા હોય | **વવરોવિયા** | ૨. દષ્ટિના સંચારથી | **દિટ્ઠિ સંચાલેહિં** |
| ૩. આચાર્ય ભગવંતોને નમસ્કાર હો | **નમો આયરિયાણં** | ૪. સન્માન આપું છું | **સમ્માણેમિ** |
| ૫. પાપથી નિવૃત્ત થવાને | **પડિક્કમિઉં** | ૬. ત્યાં સુધી | **તાવ** |
| ૭. ધૂળ આદિથી ઢાંક્યા હોય | **વત્તિયા** | ૮. આપની સેવા–ભક્તિ કરું છું | **પજ્જુવાસામિ** |

**(ડ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. સાધુ–સાધ્વીજીમાં કયા કયા ગુણો હોય? તેઓ સંયમના રક્ષણ માટે શું કરે છે?

**જ. સાધુ–સાધ્વીજીમાં દયા, ક્ષમા, સંતોષ, વિનય, સહનશીલતા વગેરે ગુણો હોય.**
**તેઓ સંયમના રક્ષણ માટે ઘરે ઘરે ગોચરી વહોરવા જાય છે.**

૨. નમસ્કાર સૂત્રમાં કોને કોને નમસ્કાર કરવામાં આવે છે? પહેલો શબ્દ નમો શું સૂચવે છે?

**જ. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, લોકના સર્વ સાધુ–સાધ્વીજી.**
**પહેલો શબ્દ નમો ધર્મનું મૂળ વિનય છે તે સમજાવવા માટે છે.**

૩. ગુરુવંદના કેટલા પ્રકારે થાય છે? જઘન્ય વંદના ક્યારે કરાય?

**જ. ત્રણ પ્રકાર. રસ્તામાં ચાલતા સાધુ–સાધ્વીજી મળી જાય તો બે હાથ જોડીને માથું નમાવવું અને મત્થએણ વંદામિ બોલી નમસ્કાર કરવા.**

૪. ભગવાન અને ગુરુને વંદના કરીને શું કરવું? શુદ્ધ ભાવથી વંદના કરવાનું ફળ કોને મળ્યું? ગુરુ પ્રત્યે શું પ્રગટ થાય છે?

**જ. ભગવાનને વંદના કરીને ભગવાનની ભક્તિ કરવાની છે. ગુરુને વંદના કરીને ગુરુ આજ્ઞા દિલમાં ધરવાની છે. કૃષ્ણ મહારાજાને. આદરભાવ.**

૫. આચાર્ય કોને કહે છે? ઉપાધ્યાય કેટલા આગમ ભણાવે? તેમના ગુણ કેટલા?

**જ. જે સાધુ પુરુષ પાંચ આચાર પાળે, અન્યને પળાવે, પાળવા માટે પ્રેરણા કરે તથા ચતુર્વિધ સંઘનું નેતૃત્વ કરે તેને આચાર્ય કહે છે. ઉપાધ્યાય ૩૨ આગમ ભણાવે. આચાર્યના ગુણ ૩૬ અને ઉપાધ્યાયના ગુણ ૨૫ છે.**

(૧૫)

**પ્ર.૨ માગ્યા પ્રમાણે જવાબ લખો.**

૧. તીર્થંકર – ૭ – **શ્રી સુપાર્શ્વનાથ સ્વામી** અને ૨૧ – **શ્રી નમિનાથ સ્વામી**

૨. ગણધર – ૨ – **અગ્નિભૂતિ** અને ૯ – **અચલભ્રાતા**

૩. શ્રાવક – ૧ – **આનંદ શ્રાવક** અને ૬ – **કુંડકૌલિક**

૪. સતી – ૪ – **રાજેમતિ** અને ૧૫ – **પ્રભાવતી**

૫. આપણો ધર્મ કયો છે? **કેવળી પ્રરૂપિત ધર્મ**

૬. કર્મ – ૩ – **વેદનીય કર્મ** અને ૫ – **આયુષ્ય કર્મ**

૭. તત્ત્વ – ૫ – **આસ્રવ તત્ત્વ** અને ૮ – **બંધ તત્ત્વ**

૮. છકાયના ગોત્રના નામ – ૨ – **અપ્કાય** અને ૩ – **તેઉકાય**

(૧૫)

**પ્ર.૩ (ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. વિનયધર્મની પ્રાપ્તિ માટે કોને નિત્ય વંદન કરવા જોઈએ?

**જ. દેવ – અરિહંત, ગુરુ – સાધુ–સાધ્વીજી, અહિંસા પ્રધાન ધર્મને નિત્ય વંદન કરવા જોઈએ.**

૨. માતા–પિતાના કયા ઉપકારનો બદલો વાળી શકાય નહિ?

**જ. માતા–પિતાએ મને જન્મ આપી, જીવન ઘડતરમાં ધાર્મિક સુસંસ્કારોનું જે સિંચન કર્યું છે તેનો બદલો વાળી શકાય એમ નથી.**

૩. રાત્રિભોજન ત્યાગથી શું લાભ થાય છે?

**જ. તીર્થંકર ભગવાનની આજ્ઞાનું પાલન થાય, પૂ. સંતોને વહોરાવવાનો લાભ મળે, છકાય જીવોની દયા પળાય.**

૪. જૈનશાળામાં શું શીખવવામાં આવે છે? તેનું જ્ઞાન મેળવીને ભવિષ્યમાં કેવા બની શકાય છે?

**જ. જૈનશાળામાં જૈનધર્મનું જ્ઞાન શીખવવામાં આવે છે. તેનું જ્ઞાન મેળવીને ભવિષ્યમાં આદર્શ નાગરિક, શ્રાવક, શ્રાવિકા, સાધુ કે સાધ્વી બની શકાય છે.**

૫. ગુચ્છાનો ઉપયોગ શેના માટે કરાય છે?

**જ. કીડી, મંકોડા, કંથવા જેવા નાના જીવજંતુઓ આસન કે શરીર પર ચડી આવે તો જતનાથી દૂર કરવા માટે ગુચ્છાનો ઉપયોગ કરાય છે.**

૬. ઉત્તમ દાન કયા કયા છે?

**જ. અભયદાન, જ્ઞાનદાન, સુપાત્રદાન, ઉચિત્તદાન.**

૭. ગુણીજનોને નમસ્કાર કરવાથી શું લાભ થાય છે?

**જ. તેમનામાં રહેલા ગુણ અને ધર્મના સંસ્કારો આપણામાં આવે છે.**

૮. માળામાં કેટલા પારા હોય છે? માળા શા માટે ગણવી જોઈએ?

**જ. માળામાં ૧૦૮ પારા હોય છે. મનની શાંતિ મેળવવા અને કર્મનિર્જરા માટે માળા ગણવી જોઈએ.**

૯. બીજાનું ધન જોવાથી શું નુકસાન થાય છે?

**જ. ચોરીનું મન થાય, ધનનો લોભ જાગે.**

૧૦. જૈનશાળામાં જવાથી કયા ગુણોની વૃદ્ધિ થાય છે?

**જ. પ્રામાણિકતા, સાદાઈ, સંતોષ, દયાભાવ.**

**(ખ) ખાલી જગ્યા પૂરો.** **(૫)**

| | જવાબ |
|---|---|
| ૧. ......... કરી સમજણ કેળવવાથી મનને જીતાય છે. | **જ્ઞાનાભ્યાસ** |
| ૨. ......... પ્રાય: લાકડાની બનેલી હોય છે. | **ઠવણી** |
| ૩. શિક્ષકની ......... સહન કરજો. | **શિક્ષા** |
| ૪. જમતા પહેલા હું ......... ની ભાવના ભાવીશ. | **સુપાત્રદાન** |
| ૫. ધર્મ જીવને .......... માં પડતા અટકાવે છે. | **દુર્ગતિ** |

(૧૦)

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

**(ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. માતા–પિતાના મૃત્યુ પછી મહાવીર સ્વામીએ શું સંકલ્પ કર્યો? ભગવાન એક વર્ષ સુધી રોજ કેટલું દાન આપતા હતા? (૨×૩)

**જ. માતા–પિતાના મૃત્યુ પછી બ્રહ્મચર્યનું પાલન, રાત્રિભોજન ત્યાગ, સચેત ભોજન–પાણી ત્યાગ અને છકાય ની દયા પાળવાનો સંકલ્પ કર્યો. એક વર્ષ સુધી રોજ ૧ કરોડ ૮ લાખ સુવર્ણમુદ્રાનું દાન આપતા હતા.**

૨. આગમાં પ્રવેશતા અમરકુમારે શેનો સહારો લીધો? શ્રેણિક રાજા સાથે શું થયું? બચી ગયા પછી અમર કુમારે શું કર્યું?

**જ. આગમાં પ્રવેશતા અમરકુમારે નવકાર મંત્રનો સહારો લીધો ત્યારે અચાનક રાજા શ્રેણિક ચક્કર ખાઈને નીચે જમીન પર બેહોશ પડી ગયા. પછી અમરકુમારે વૈરાગ્ય સાથે દીક્ષા લીધી અને સર્વ દુ:ખોનો અંત કર્યો.**

૩. ભગવાન મહાવીરે સાધુઓને અતિમુક્ત મુનિ વિશે શું કહ્યું?

**જ. અતિમુક્ત મુનિ આ ભવમાં મોક્ષ જવાના છે. તમે તેમની હિલના, નિંદા તથા ઉપેક્ષા ન કરો. તમે તેમનો સ્વીકાર કરીને તેમને સાચું શિક્ષણ અને ગોચરી–પાણી આપીને સેવા કરો.**

**(ખ) કોણ બોલે છે અને કોને કહે છે?** **(૪)**

| | જવાબ |
|---|---|
| ૧. તમને દીક્ષા અને સંયમ એટલે શું તે ન સમજાય. | **માતા–પિતા અતિમુક્ત કુમારને કહે છે** |
| ૨. હવે તું સમજ અને ક્રોધ કરવાનું છોડી દે. | **ભગવાન મહાવીર સ્વામી ચંડકૌશિક નાગને કહે છે** |
| ૩. મને રાજા પર જરાપણ ક્રોધ નથી આવ્યો. | **અમરકુમાર લોકોને કહે છે** |
| ૪. આત્મકલ્યાણ કરવા માટે મેં દીક્ષા ગ્રહણ કરી છે. | **ગૌતમ સ્વામી અતિમુક્ત કુમારને કહે છે** |

(૧૦)

**પ્ર.૫ નીચેના કાવ્યની પૂર્તિ કરો.** **(૨×૫)**

| | જવાબ |
|---|---|
| ૧. શ્રદ્ધા ભરી ........ જન્મ્યા છે. | **પાના નં. ૩૩ કડી ૨** |
| ૨. હસતા રમતા ......... મુક્તિ વરીએ. | **પાના નં. ૩૪ કડી ૬/૭** |
| ૩. ધરી ચારિત્ર ......... જ્ઞાનના દાને. | **પાના નં. ૩૩ કડી ૪** |
| ૪. જૂઠું નહિ ......... જય–જિનેન્દ્ર બોલીએ. | **પાના નં. ૩૪ કડી ૪ – ટી.વી.થી** |
| ૫. ધર્મ માટે શું કુરબાન છે? તે દર્શાવતી કડી લખો. | **પાના નં. ૩૩ કડી ૪ – તન, મન, ધન** |

**જય – જિનેન્દ્ર**